ગુજરાતી મુહાવરા અને કહેવતો

- પ્રથમ ગ્રાસે મક્ષિકા - શરૂઆતમાં વિઘ્ન નડવું.
- કૂતરાંનો સંઘ કાશીએ ન પહોંચે - લડાઇ કરનારા કદી સફળતા ન મેળવી શકે
- પારકી મા જ કાન વીંધે – પરાયા પાસે જ બાળક કેળવણી મેળવી શકે છે.
- નેવાનાં પાણી મોભે ચઢાવવા – અશક્ય કામ સિદ્ધ કરી બતાવવું .
- ઘેર ઘેર માટીના ચૂલા – કોઈપણ ઘર તકરાર વગરનું ન હોય.
- કાગનું બેસવું ને ડાળનુંભાંગવું - આકસ્મિક પરિણામ આવવું.
- બળતામાં ઘી હોમવું – ઉશ્કેરણી કરવી.
- ગાયને દોહીને કૂતરાને પાવું - મહેનતથી મેળવેલું વેડફી નાખવું
- એરણની ચોરી ને સોયનું દાન – મોટું પાપ કરીને તેમાંથી છૂટવા માટે નજીવું દાન કરવું.
- છાસ લેવા જવું ને દોણી સંતાડવી – કામ કરવું હોય તો શરમ ન રાખવી.
- મફતનું ખાવું ને મસ્જીદમાં સૂવું - કશાય પ્રકારની ચિંતા કર્યા વિના બેફીકર થઇ જીવન જીવવું.
- જીવતો નર ભદ્રા પામે – જીવતા માણસનું ગમે ત્યારે પણ કલ્યાણ થાય.
- જળ વહી ગયે શી શોચના – યોગ્ય સમય વીત્યા પછી સમજ આવે તેનાથી કોઈ લાભ થતો નથી.
- કાંકરે કાંકરે પાળ બંધાય - રોજ અમુક કામ થોડા થોડા પ્રમાણમાં પણ ચોક્કસ દ્રષ્ટ્રી બિંદુથી કરતા રહીએ તો લાંબાગાળે અઘરું કામ પણ પાર પડે છે.
- પાકે ઘડે કાંઠા ન ચડે – મોટી ઉંમરે શિક્ષણ આપવાનો પ્રયત્ન વ્યર્થ છે.
- મોરના ઈંડાને ચીતરવા ન પડે – મા બાપના સદ્દગુણો અને સંસ્કારો એમના બાળકોને આપોઆપ જ ઊતરી આવે છે.
- કૂવામાં હોય તો હવાડામાં આવે – મા બાપમાં સંસ્કાર ન હોય તો એમના બાળકોમાં તે સંસ્કાર ન આવે.
- ઘરનો છેડો પોતાની પત્ની – જીવનની હળવાશ અને સુખદુઃખની વાતો નીકટના માણસ સાથે જ કરી શકાય છે.
- ખાડો ખોદે તે પડે - બીજાનું અહિત કરવા કોઈ માણસ દાવ ખેલે તો અંતે તો એને જ નુકસાન થાય છે.
- ભસતાં કૂતરાં ભાગ્યે જ કરડે - લાંબી લાંબી વાતો કરનારથી કંઇ થઇ શકતું નથી.
- દુષ્કાળમાં અધિક માસ – એક દુઃખ ચાલુ હોઈ ને બીજું દુઃખ આવી પડે.

- ❖ શેઠની શિખામણ ઝાંપા સુધી - મોટા માણસની શિખામણ સલાહ થોડા સમય પૂરતી જ ધ્યાનમાં લેવાય છે.
- ❖ એક સાંધીએ ત્યાં તેર તૂટે – એક મુશ્કેલીને અથવા એક ખર્ચને માંડમાંડ ઉકેલીને વળી ત્યાં બીજી મુશ્કેલી કે અણધાર્યો ખર્ચ આવીને ઉભો રહે છે.
- ❖ ઉતાવળે આંબા ન પાકે – થોડી ધીરજ રાખવી. કોઈપણ કામ ખોટી ઉતાવળથી થાય નહિ.
- ❖ બાંધી મૂઠી લાખની – કોઈ ખાનગી વાટ જાહેર ન થાય ત્યાં સુધી જ વ્યક્તિની આબરૂ જળવાઈ રહે છે.
- ❖ ઉજ્જડ ગામમાં બાજે ઢોલ – જેમનામાં સમજશક્તિ ન હોય ત્યાં ઉપદેશ કે શિખામણ આપવાનો અર્થ નથી.
- ❖ પાણી પહેલા પાળ બાંધવી – ભવિષ્યમાં આવનાર સંકટનો ઉપાય અગાઉથી વિચારી લેવો જોઈએ.
- ❖ ઝાઝા હાથ રળીયામણા – એકલદોકલ માણસ ગમે તેટલો શક્તિશાળી હોય છતાં અમુક કામોમાં તો સૌના સાથ સહકારની જરૂર પડે છે.
- ❖ ઓછું પાત્રને અડકું ભણ્યો – જ્ઞાન ઓછું હોય પણ ડોળ વધારે કરે.
- ❖ કાગનો વાઘ કરવો – નાની વાતને મોટું સ્વરૂપ આપવું
- ❖ વખાણી ખીચડી દાંતે વળગે – અતિ પ્રંશસા પામેલ વસ્તુ છેવટે ખરાબ નીકળે.
- ❖ ખાટી છાશ ઉકરડે ઢોળાય – બિન ઉપયોગી ચીજવસ્તુઓનો સંગ્રહ યોગ્ય નથી.
- ❖ બકરી આદુ ખાતાં શીખી – નબળી વ્યક્તિ પણ સમય આવ્યે હોંશિયાર થઇ જાય છે.
- ❖ પોથીમાંના રીંગણા – કેવળ પુસ્તકિયું જ્ઞાન હોવું
- ❖ ચકલી નાની ને ફેડકો મોટો – ગજા બહારની વાતો કરવી.
- ❖ ઝાઝી સૂયાની વેતર વંઠે – વધુ લોકોથી કામ બગડે જ છે.
- ❖ ડાંગે માર્યા પાણી જુદાં ન પડે – સાથે રહેતા હોઈ તે જલ્દી જુદા ન થઇ શકે.
- ❖ વાંદરો ઘરડો થાય પણ ઠેકડા મારવાનું ન ભૂલે - માણસની વય બદલે પણ લક્ષણોમાં ખાસ બદલાવ ન આવે.
- ❖ ધર્મ કરતાં ધાડપડે – સારાં કામ કરતાં સો દુઃખ આવે.
- ❖ શિયાળ તાને સીમ ભણી ને કૂતરું તાને ગામ ભણી – સૌ પોતપોતાના લાભ જ જોતું હોય છે.
- ❖ મખમલની મોજડી માથે ન પહેરાય – જે વસ્તુ જ્યાં શોભતી હોય ત્યાં જ શોભે.
- ❖ બેઠાની ડાળ ન કપાય – પોતાનું જ અહિત થાય તેવું કામ ન કરવું જોઈએ.

- ❖ આપવો દોકડો ને લેવો બોકડો – સૌ નાની વસ્તુ આપીને મોતી વસ્તુ લેવાનો પ્રયાસ કરે.
- ❖ લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મો  ધોવા ન જવું – આવેલી તક ન ગુમાવવી
- ❖ રાંડ્યા પછીનું ડહાપણ – નુકસાન થયા પછી ડહાપણ આવે તો કામ નથી આવતું.
- ❖ મોર વગડામાં નાચ્યો કોણે જાણ્યો ! - સાચી સાબિતીનો અભાવ.
- ❖ ભેંસ આગળ ભાગવત - અણસમજુને ઉપદેશ આપવો નકામો.
- ❖ તેજીને ટકોરાને ગધેડાને ડફણાં - બુદ્ધિશાળી સંકેતથી સમજે ને મૂર્ખ માટે માથાકૂટ કરવી પડે છે.
- ❖ કીડીને કણ ને હાથીને મણ - જેટલી જેની જરૂરિયાત તે પ્રમાણે મળી રહે છે.
- ❖ ભસતાં કૂતરાં ભાગ્યે જ કરડે - લાંબી લાંબી વાતો કરનારથી કંઇ થઇ શકતું નથી.
- ❖ વાંદરો ઘરડો થાય પણ ઠેકડા મારવાનું ન ભૂલે - માણસની વય બદલે પણ લક્ષણોમાં ખાસ બદલાવ ન આવે.
- ❖ ગરજે ગધેડાને બાપ કહેવો પડે - ગરજ હોય ત્યારે અયોગ્ય વ્યક્તિને પણ માન આપવું પડે.
- ❖ લાકડી ભાંગે નહિ ને સાપ મરી જાય - નુકસાન વગર કામ થઇ જાય.
- ❖ ઘરકી મુર્ગી દાલ કે બરાબર -  ઘરની વ્યક્તિની કોઇ કદર કરતુ નથી.
- ❖ કુંભાર કરતાં ગધેડાં ડાહ્યાં -  શેઠ કરતાં વાણોતર માથું મારે.
- ❖ ગાયને દોહીને કૂતરાને પાવું - મહેનતથી મેળવેલું વેડફી નાખવું.
- ❖ ઘો મારવાની થાય ત્યારે અવળા વાડે જાય -  વિનાશ થવાનો હોય ત્યારે અવળી બુદ્ધિ સુઝે.
- ❖ ધરમની ગાયના દાંત ના જોવાય -  મફત મેળવેલી વસ્તુઓનો દોષ ન જોવાય.
- ❖ આંગળીથી નખ વેગળા – પારકા પોતાના ન બને.
- ❖ ઉજળું એટલું દૂધ નહિ – બાહ્ય દેખાવથી છેતરાવું નહિ.
- ❖ દૂધનો દાઝ્યો છાશ ફૂંકીને પીએ – એક વાર કડવો અનુભવ થયા પછી ખૂબ સાવચેતીપૂર્વક વર્તવું.
- ❖ ચાંદી તૂટે પણ દમડી ન છૂટે – દુઃખ શન કરે પણ ધન ન વાપરે.
- ❖ વાડ વિના વેલો ન ચડે – ઊંચું સ્થાન મેળવવા કોઈ મોટાની સહારો લેવો જોઈએ.
- ❖ દુકાળમાં અધિક માસ – મુશ્કેલીમાં વધારો થવો.
- ❖ પાડાના વાંકે પખાલીને ડામ – જેનો વાંક હોય તેને બદલે બીજાને શિક્ષા કરવી.
- ❖ બાર ગાઉએ બોલી બદલાય – અમુક અંતરે ભાષામાં ફેરફાર જણાય.
- ❖ ભેંસ આગળ ભાગવત – અણસમજુને ઉપદેશ આપવો નકામો .
- ❖ મન ચંગા તો કથરોટમાં ગંગા – અંતકરણ પવિત્ર હોય તો યાત્રા કરવાની જરૂર નથી.
- ❖ રામ રાખે તેને કોણ ચાખે – પ્રભુ રક્ષે તેને કોઈ નુકસાન પહોચાડી શકે નહિ.
- ❖ ઘરના છોકરા ઘંટી ચાટેને ઉપાધ્યાયને આટો- પોતાનાને ભૂખ્યા મારવાં ને પારકાને પોષવા.
- ❖ આપ સમાન બળ નહિ ,ને મેઘ સમાન જળ નહિ – જાતમહેનત સર્વશ્રેષ્ઠ છે.
- ❖ નામ મોટાં ને દર્શન ખોટાં- મૂછે ચોપડવા તેલે નહિ ને ડેલીએ દીવા કરે.

- ❖ વિનાશ કાળે વિપરીત બુદ્ધિ – વિનાશ થવાનો હોય ત્યારે બુદ્ધિ બગડે.
- ❖ સુથારનું મન બાવળિયે – દરેક વ્યક્તિ પોતાનું હિતનું જ જુએ.
- ❖ બોલે તેના બોર વેચાય – માગ્યા વિના મા પણ ન પીરસે.
- ❖ હોઠ સાજા તો ઉત્તર ઝાઝા – વાણી શક્તિ હોય તો ગમે તેનો ઉપાય કરી શકાય.
- ❖ હૈયું બાળવા કરતાં હાથ બાળવા – કોઈની પાસે કામ કરાવી પસ્તાવું એના કરતાં જાતે જ કરી લેવું સારું.
- ❖ સસ્તું ભાડું અને સિદ્ધપુરની જાત્રા – મર્યાદિત સાધનોથી સુંદર કામ કરવું.
- ❖ સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ – સ્ત્રીને બહુ લાંબી સમજ ન હોય.
- ❖ મુખમાં રામ અને બગલમાં છૂરી – દેખાવે સારો પણ દિલમાં કપટી
- ❖ પારકી આશા સદા નિરાશા – બીજા ઉપર આધાર રાખવો નકામો.
- ❖ નાચવા જ્વુંને ઘૂંઘટો તાણવો ? – જરૂરત હોય તો શરમ મૂકી દેવી
- ❖ બે ઘરનો પરોણો ભૂખે મરે – અનિશ્ચિતતાથી દુ:ખી થવાય.
- ❖ ચાલતા બળદને આળ ખોસવી – કામ કરતાં માણસને ખોટી સતામણી કરવી.
- ❖ જીવતો નર ભદ્રા પામે – જીવતો માણસ ગમે ત્યારે સાજો થાય.
- ❖ આડે લાકડે આડો વાઢ- ખરાબ માણસો સાથે ખરાબ જ વર્તાવ હોવો ઘટે.
- ❖ ઊંટે કર્યા ઢેકા તો માણસો કર્યા કાઠા – એક જણ મુશ્કેલી ઉભી કરે તો બીજો માણસ તેનો ઉપાય શોધી કાઢે.
- ❖ જેને મૂકી લાજ તેનું નાનું સરખું રાજ – લાજશરમ છોડનારનું કોઈ નામ ન લે.
- ❖ આડી રાત તેની શી વાત – ભવિષ્યના પરિણામ વિષે અગાઉથી અનુમાન યોગ્ય છે.
- ❖ અક્કરમીનો પડિયો કાણો- કમનસીબ ગમે તેટલા પ્રયત્નો કરે, પણ સિદ્ધિ ન મળે.
- ❖ દીવા તળે અંધારું- વડીલ તેજસ્વી અને વારસદાર નપાવટ.
- ❖ ભાગ્યશાળીને ભૂત રળે – નસીબદાર ઓછી મહેનત કરી તો ય તેને સફળતા મળે.
- ❖ કોલસાની દલાલીમાં હાથ કાળા – દુર્જન સાથે કામ કરવાથી કલંક લાગે છે.
- ❖ આપવો દોકડો ને લેવો બોકડો – સૌ નાની વસ્તુ આપીને મોટી વસ્તુ લેવાનો પ્રયાસ કરવો.
- ❖ સૂતેલા સિંહને જગાડવો નહિ – કારણ વગર જોખમ ન લેવું જોઈએ.
- ❖ વાર્યા ન વળે તે હાર્યા વળે- કની ઉપાય ના ચાલે ત્યારે આપમેળે ઠેકાણે આવે.
- ❖ દામ કરે કામ, લૂકી કરે સલામ – પૈસાથી ભલભલાં કામ થઇ જાય છે.
- ❖ ગો મરવાની થાય ત્યારે વાઘરી વાડે જાય – નુકસાન થવાનું હોય ત્યારે કુમતિ સૂઝે.
- ❖ લાખ મળ્યા નહિ ને  લખશેરી થયા નહિ – ફળપ્રાપ્તિ માટે પુરુષાર્થ પૂરેપૂરો કર્યો નહિ.
- ❖ મોસાળે જમણ ને મા પીરસનાર – લાભની પ્રાપ્તિ માટે સઘળી અનુકૂળતાઓ મળી રહેવી.
- ❖ અકરમીનો પડયો કાણો – અભાગિયાને એક પછી એક મુશ્કેલી જ આવે.

- ઊજળે લૂગડે ડાઘ લાગે – સારા માણસોનો નાનો દોષ પણ ઝડપથી દેખાઈ આવે છે.
- મા મૂળો ને બાપ ગાજર – વર્ણસંકર જાતિના હોવું.
- શિયાળ તાણે સીમ ભણી ને કૂતરું તાણે ગામ ભણી – સૌ પોતપોતાના લાભ જ જોતું હોય છે.
- ચેતતા નાર સદા સુખી – તકલીફ પહેલા ઉપાય કરવો સારો.
- ડાંગે માર્યા પાણી જુદાં ન પડે – સાથે રહેતા હોય તે જલ્દી જુદા ન થઇ શકે.
-